## જન્મદિને વધામણી



નામ્યા જિગર પ્રજાપતિ
મો. ૯૮૨૫૮ ૫૧૦૧૧



ઝંખના મેહુલ શાહ
મો. ૯૪૨૭૭ ૧૩૪૨૨

## ડાયરેક્ટ ❤ સે

નેક લોગોં કી સંગત સે
હમેશ ભલાઈ મિલતી હૈ
ક્યુંકિ
હવા જબ ફૂલોં સે ગુજરતી હૈ
તો વો ભી
ખુશ્બુદાર બન જાતી હૈ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બેફિકરે
૧૧.૦૦, ૨.૦૦,
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
૩૦ મિનટ્સ
૧૨.૦૦, ૫.૦૦
ડિયર જિંદગી
૨.૧૫, ૯.૩૦
મિશન મમ્મી
૭.૧૫

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
કહાની-૨
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ડિયર જિંદગી
૬.૪૫

### ગાંધીનગર બીબીએ કોલેજના યજમાન પદે

# 'આઈના' અંતર્ગત મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ અફલાતૂન મૉડેલ તૈયાર કર્યાં



ગાંધીનગરના સે-૨ ઉમાં બીબીએ કોલેજના યજમાન પદે ત્રિદિવસીય આઈના-મેગ્નેટ એન્ટપ્રિન્યોર ફિએસ્ટા કાર્યક્રમ વિદ્યાર્થીઓ, મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. મેગ્નેટ અંતર્ગત મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ વિવિધ વિષયે મોડેલ તૈયાર કર્યા હતા, જે ખૂબ વખણાયાં હતાં. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ વધતા જતા શહેરીકરણને અટકાવવા ગ્રામ્ય સંસ્કૃતિમાં જ યોગ્ય માળખાકીય સુવિધાઓ ઊભી કરવા બાબત, નોટબંધીના માહોલના પગલે ઈ-કોમર્સ તથા ઈ ટ્રાન્ઝેક્શનનો વ્યાપ વધે તે હેતુથી તેની જાગૃતિ માટે તથા કોઈપણ ઉત્પાદન માટે કાચા માલથી માંડીને ગ્રાહક સુધી પહોંચતી ઉપભોગ્ય વસ્તુ સુધીના તમામ પાસાઓને આવરી લેતાં અદ્ભૂત મોડેલ તૈયાર કર્યાં હતાં.

### લાયન્સ ક્લબ દ્વારા ૧૨ ડિસેમ્બરે

## ભાગવત સપ્તાહકાર પૂ.ભૂપેન્દ્રભાઈ પંડ્યા દ્વારા "જીવન - એક ઉત્સવ" વિષયે પ્રવચન

ગાંધીનગર, તા. ૧૦

ભાગવત સપ્તાહકાર, યુવા કથાકાર મુંબઈ સ્થિત પૂ.ભૂપેન્દ્રભાઈ પંડ્યા દ્વારા "જીવન - એક ઉત્સવ" વિષયે મનનીય પ્રવચનનું લાયન્સ ક્લબ દ્વારા આયોજન કરાયું છે. ૧૨ ડિસેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે એલ. ડી. આર. પી. એન્જીનીયરીંગ કોલેજ સે-૧૫ ખાતે આ પ્રવચનનું આયોજન કરાયું છે. જીવનમાં અનેક વિટંબણાઓ, આપત્તિઓ વચ્ચે એને અવસરની જેમ, ઉત્સવની જેમ કેમ ઉજવવી એની વાત ધર્મોપદેશક શ્રી ભાઈના મુખે સાંભળવી એ લ્હાવો છે. પૂ.



ભૂપેન્દ્રભાઈ પંડ્યા ગીતાના ગહન અભ્યાસ સાથે સમગ્ર વિશ્વમાં ભાગવત પારાયણ ઉપરાંત ગીતા પ્રવચનો, ઉપનિષદ, રામાયણની ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણેય ભાષામાં સુંદર દ્રષ્ટાંતો સાથે કથા કરે છે. યુવાનો-બાળકો, સ્ત્રીઓ, અબાલવૃધ્ધ સૌને રસ પડે એ રીતે આધ્યાત્મિક, સામાજીક અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં રજુઆત કરીને તેઓ બીજાઓથી અલગ છે. હનુમાનચાલીસા પરનું એમનું વિશ્લેષણ સચોટ છે. હમણાં જ કેડીલા ગૃપમાં તેઓનો ગીતાના કર્મયોગ વિષયે શિબિર યોજાઈ હતી. લાયન્સ ક્લબ હંમેશા સામાજીક સેવા ક્ષેત્રે અદભુત કાર્ય કરે છે ત્યારે આ પ્રવચન પણ સમાજની સેવામાં મહત્વનો ભાગ બની રહેશે. ગાંધીનગર શહેરના તમામ નાગરિકો તથા સંસ્થાઓના સૌને પધારવા માટે હૃદયપૂર્વક નિમંત્રણ છે. લાયન્સક્લબના પ્રમુખ નિમેષ રાવલે સૌ નાગરિકો, પ્રબુધ્ધો અને ભક્તજનોને "જીવન - એક ઉત્સવ" વ્યાખ્યાનમાં પધારવા અનુરોધ કર્યો છે.





ગ્રામ સેવા મંદિર, નારદીપુર સંચાલિત ભગિની વિદ્યાલય, નારદીપુરની બે વિદ્યાર્થીનીઓએ રાજ્યકક્ષાની સ્પેશિયલ ખેલ મહાકુંભ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ને જિલ્લાનું નામ રોશન કર્યું છે. ૫૦ મીટર વૉકમાં રંજન ડી કઠિયારા અને ૨૦૦ મીટર રનમાં દક્ષા કે રાવળે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેમણે સ્પેશિયલ ટીચર પ્રકાશ ગોસ્વામી અને આચાર્ય પી કે પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ઉલ્લેખનીય છે કે બી આર મહેતા વિદ્યાલય, નારદીપુરના વિદ્યાર્થી વિજય એલ ઠાકોર અને પ્રકાશ બી નાયક જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા બન્યા હતા.

### વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત

## ફિઝિક્સ-કેમેસ્ટ્રીના નોબેલ વિજેતાઓ સાથે વિદ્યાર્થીઓ-સંશોધકોનો સંવાદ ગોઠવાશે

ગાંધીનગર, તા. ૧૦

વાઈબ્રન્ટ સમિટમાં આવનારા નોબેલ પારિતોષિક વિજેતાઓ અને વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોનો લાભ વિદ્યાર્થીઓને મળી રહે તે માટે બન્નેની વચ્ચે એક વિશેષ સંવાદનો કાર્યક્રમ ૧૦મી જાન્યુઆરી મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રોફેસરો અને અભ્યાસુ લોકોને પણ બોલાવીને તેમના જ્ઞાનનો લાભ મેળવી શકાય તેવું આયોજન કરાશે. રાજ્ય અને કેન્દ્રની સરકાર દ્વારા નોબેલ પારિતોષિક વિજેતાઓ મોટી સંખ્યામાં આવે તે માટે ભરચક પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે રાજ્યમાં જે આંતરરાષ્ટ્રીય કક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ અને કંપનીઓ છે તેમની સાથે ભવિષ્યમાં વિવિધ કાર્યક્રમો પણ ગોઠવાય તેવો પ્રયાસ કરવામાં આવશે. સમિટનું સ્વરૂપ ફક્ત ઔદ્યોગિક હેતુ પૂરતું જ ન રહે અને ખાસ કરીને વિદ્યાર્થીઓને પણ કેવી રીતે તેનો ફાયદો મળે તે માટે વિવિધ વિકલ્પો પર વિચારણા કરવામાં આવી છે. જેમાં સમિટ પૂર્વેના મેગા એક્ઝિબિશનમાં ભાગ લેનારી કંપનીઓ કે વિદેશી યુનિવર્સિટીઓ વિગેરેમાં ગુજરાતના વિદ્યાર્થીઓને વિઝા પ્રક્રિયા, સરળતાથી પ્રવેશ મળે અને વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી ન થાય તેની સમજ આપવા માટે પણ નિર્દેશ કરવામાં આવ્યા છે.

## કાવ્ય મુદ્રા દ્વારા ત્રિદિવસીય કવિતા-ગઝલ મહોત્સવ

### ૧૬, ૧૭ અને ૧૮ ડિસેમ્બર દરમિયાન 'શબ્દ કસુંબલ રંગ ચઢે' કાર્યક્રમ

### બોલિવુડના જાણીતા ગાયક હરીહરન મજાની ગઝલોના સૂર છેડશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના કવિતાપ્રેમીઓ માટે 'કાવ્ય મુદ્રા' ફરી એક વાર મજાનો કાર્યક્રમ લઈને આવ્યું છે, જેમાં ગુજરાતી, હિન્દી અને ઉર્દૂ ભાષાની કવિતા-ગઝલોના પ્રેમીઓને માણવા મળશે શ્રેષ્ઠ કવિઓની ઉત્તમ કવિતાઓ.

કાવ્ય મુદ્રાના મેનેજિંગ ટ્રસ્ટી હર્ષદ બ્રહ્મભટ્ટે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે તારીખ ૧૬, ૧૭ અને ૧૮ ડિસેમ્બર દરમિયાન યોજાઈ રહેલા 'કાવ્ય મુદ્રાઃ શબ્દ કસુંબલ રંગ ચઢે' કાર્યક્રમમાં પહેલા દિવસે યોજાનારા મુશાયરામાં ગુજરાતી ભાષાના જાણીતા કવિઓ



ખલિલ ધનતેજવી, ઉદયન ઠક્કર, ગૌરાંગ ઠાકર, મનિષ પાઠક અને પારુલ ખખ્ખર એમની રચનાઓનું પઠન કરી કાવ્યપ્રેમીઓને જલસો કરાવશે. તો બીજા દિવસના મુશાયરામાં હિન્દી-ઉર્દૂના કવિઓ સાદીકનૂર પઠાણ, વિવેક કાણે, ડૉ વિષ્ણુ સકસેના એમની આગવી શૈલીમાં કાવ્યપઠન કરશે. જાણીતા સંચાલક ચિરાગ ત્રિપાઠી આ કાર્યક્રમોનું સંચાલન કરશે.

તો ત્રીજા દિવસે 'મહેફિલ-એ-મોશિકી' કાર્યક્રમમાં બોલિવુડના જાણીતા ગાયક હરીહરન મજાની ગઝલોના સૂર છેડશે. 'કાવ્ય મુદ્રા'ના પહેલા બે દિવસના એટલે કે, તા. ૧૬ અને ૧૭ ડિસેમ્બરના કાર્યક્રમો અમૃત મોદી સ્કૂલ ઑફ મેનેજમેન્ટ, વસ્ત્રાપુર ખાતે યોજાશે તો ૧૮મી ડિસેમ્બરનો કાર્યક્રમ કર્ણાવતી ક્લબ ખાતે યોજાશે. ત્રણેય દિવસના કાર્યક્રમો રાત્રે ૮.૦૦થી શરૂ થશે એમ તેમણે આ અંગેની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગુજરાતી સાહિત્ય પર મહાત્મા ગાંધીની અસર




મહાત્મા ગાંધીનાં વિચાર, વાણી, વર્તન, કાર્યો અને સાહિત્ય - આ બધાંની અસર ગુજરાતી સાહિત્ય પર તીવ્રપણે પડી છે. ગાંધીજીના આગમન પહેલાં વિરૂતપ્રચૂર ભાષામાં સાહિત્ય રચાતું હતું. ગાંધીજીએ તેમનાં કાર્યો લોકો સુધી પહોંચાડવા 'નવજીવન' અખબારના માધ્યમ દ્વારા ખેડૂત પણ સમજી શકે તેવી સાદી, સરળ ભાષામાં લખવાનું શરૂ કર્યું અને એક પછી એક કાર્યોમાં લોકભાગીદારી મળતી ગઈ. સાહિત્ય જગત પર પણ આની જબરી અસર પડી. આખો યુગ ગાંધીયુગના નામે ઓળખાવા લાગ્યો. કાવ્યો, નવલકથા, નવલિકા, નાટક વગેરે તમામ સાહિત્યપ્રકારો પર સેવા, સ્વાશ્રયી, અસ્પૃશ્યતા નિવારણ, ક્રાંતિ, શાંતિ, આરોગ્ય, સાદું જીવન વગેરે ગાંધી વિચારધારા સહજ રીતે ઝીલાતી ગઈ.

યુગમૂર્તિ વાર્તાકાર ર વ દેસાઈએ તેમની સામાજિક નવલકથાઓમાં અહિંસક અસહકાર, સત્યાગ્રહ, અસ્પૃશ્યતા નિવારણ, ગ્રામસેવા, વર્ગભેદ નાબૂદી, પતિતોદ્ધાર વગેરે પ્રશ્નોની ચર્ચા વિવિધ પાત્રો દ્વારા આલેખી છે. 'ભારેલો અગ્નિ'નો રૂદ્રદત્ત તેનું તર્પણ શું એમ પૂછે છે ત્યારે સંવાદ 'હાથમાંથી હથિયાર અને મનમાંથી ઝેર એ જ તર્પણ.' દિવ્યચક્ષુ નવલકથાનો નાયક અરૂણ તેમના સંવાદોમાં ઝંઝાવાતી ક્રાંતિ દર્શાવે છે. જનાર્દન જેમને ગાંધીતત્ત્વજ્ઞાનને બરાબર પચાવ્યું છે તેમનાં સંવાદો વિચારોની તાદશ્ ભૂમિકા રજૂ કરે છે. ગાંધીજીના દાંડીયાત્રા સમયના વિવિધ સ્થળનાં ભાષણોને શબ્દશઃ કલ્પનોમાં અત્યંત કલાત્મક રીતે ઉતાર્યા છે લેખક શિવશંકર શુક્લએ 'સરિતાથી સાગર' નામની લઘુ નવલમાં. બેતાલીસની ક્રાંતિને મુખરીત કરતી અશ્વિનીકુમારની નવલકથા 'અણખૂટ ધારા'માં પ્રારંભ જ કોમી હુલ્લડોના વર્ણન અને સૂત્ર 'કરેંગે યા મરેંગે'થી થાય છે. નવલકથાનો નાયક સુધીર ગાંધીજીની ધરપકડ સમયની ઘટના જીતુ અને રાયમલને સંવાદમાં જણાવે છે. લેખક મુનશીએ 'તપસ્વિની' નવલકથામાં બારડોલી સત્યાગ્રહ, વલ્લભભાઈનો પ્રભાવ, દેશી રજવાડાઓની રાજરમત, સામ્યવાદીઓની ભાંગફોડ, અંગ્રેજોની કૂટનીતિ વગેરે વિષયો બખૂબી વણ્યા છે. 'ગ્રામલક્ષ્મી' તેમની નવલકથાના ચાર ભાગમાં સંપૂર્ણ રીતે ગાંધીજીના ગ્રામોદ્ધારના વિચારોનું આલેખન છે.

ઉમાશંકર જોષીએ 'પારકા જણ્યા'માં ગ્રામજીવન ત્યજી શહેરમાં જનારાઓની શી હાલત થાય છે તેનું આલેખન પણ ગાંધીજીના શહેર અને ગામડાના વિચારો પર આધારિત કર્યું છે. પાંચ લેખકોને હાથે લખાયેલી નવલકથા 'ધરતીના છોરુ'માં વાર્તાનો ભાવનાશીલ નાયક સુરેશ ગ્રામસેવાની દિક્ષા લઈ નિર્વાસિત કન્યા નિર્મળાને લઈને સ્ત્રી વિષયક ગાંધીજીના વિચારો પણ જણાવે છે. 'કલ્પવૃક્ષ' નવલકથામાં ઈશ્વર પેટલીકરે સ્વરાજ પછી પણ કરવાનાં મહાકાર્યોમાં ચમાર, ભંગી, વણકર વગેરે કોમોમાં પ્રવર્તમાન કુરિવાજો, અણસમજ દૂર કરવાની રજૂઆત કરી છે. ઝવેરચંદ મેઘાણીએ 'માણસાઈના દીવા'માં એક એક પાત્રમાં ગાંધી વિચારધારા ઝીલીને ઉચ્ચ ઉદાત ભાવના આલેખી તે શત્રુ નહીં પણ શત્રુત્વનો નાશ છે. 'તુલસીક્યારો'માં આદર્શ નારી અને આદર્શ ગ્રામજીવન ગાંધીવિચારનું જ પ્રતિબિંબ છે.

ગાંધીજીની દરિદ્રનારાયણની સેવા અને ગ્રામોધ્ધારની પ્રવૃત્તિને લેખક પન્નાલાલ પટેલ, પેટલીકર તથા પિતાંબરે તેમની કૃતિઓમાં વિશિષ્ટ રીતે વણી લીધી છે.

લેખક રામનારાયણ ના પાઠકે સમાજ સેવા અને સાહિત્ય ઊભયને ઉપયોગી નવલકથા 'માનવતાનાં મૂલ' દ્વારા અસરકારક રીતે ભંગીઓના જીવનનો સાચો ખ્યાલ આપ્યો છે. નવલિકામાં ગાંધીયુગની પ્રધાન ભાવાઓ પહેલવહેલી ધૂમકેતુએ ઝીલી, 'પૃથ્વીસ'થી. દર્શકની 'બંદીઘર' વારંવાર કરવામાં આવતી જેલની સજા, રાષ્ટ્રીય ચળવળ અને ખુમારીની કથા છે.

નવલિકા અને નવલકથા ઉપરાંત કાવ્યો અને નાટકો પર પણ ગાંધીજીના વિચારોની તીવ્ર અસર થઈ છે. સુંદરમે સ્વચ્છતા માટે કાવ્યો લખ્યાં છે તો ઉમાશંકરે વર્ગભેદ, અસ્પૃશ્યતા નિવારણના વિચારોને ઉજાગર કર્યા છે.

આમ ગાંધીજીએ પોતાના જીવનદર્શનની મુદ્રા અંકિત કરીને ગુજરાતી સાહિત્યમાં નવો યુગ શરૂ કર્યો હતો.

**- સ્વાતિ શુક્લ**



આધુનિક અને ફેક્ટરી મેડ કાપડના ઉત્પાદનના આગમનની સાથે પૈઠણી, બનારસી અને ચંદેરી સાડીઓનો યુગ ભૂતકાળ બની રહ્યો છે. ફેશન જગતમાં આધુનિક અને ફેકટરી દ્વારા તૈયાર કરાયેલા કાપડ તથા ટેકનોલોજીના આગમન સાથે સમૃદ્ધ ટેક્સટાઈલ વારસો લુપ્ત થતો જાય છે. કાપડ ઉદ્યોગના આ ભવ્ય વારસાને યંગ ફિક્કી ફ્લોના ઉપક્રમે ડીઝાઈનર જોડી અંજુ મોદી અને પ્રિયંકા મોદી સાથે એન્કર અને ટીવી હોસ્ટ અમૃતા ગાંધી સાથેના વાર્તાલાપમાં ભૂતકાળની યાદોને સજીવન કરવા ઉપરાંત આ દેશની ઉદ્યોગ સાહસિકતા દ્વારા આ કસબને કઈ રીતે આગળ ધપાવવો તે અંગે ચર્ચા થઈ હતી. વાયફ્લો અમદાવાદના ચેરપર્સન અદિતી પારેખે સંસ્થા અંગેનું વિઝન રજૂ કરીને ચર્ચાનો પ્રારંભ કર્યો હતો. વાયએફએલઓ અમદાવાદની આ પ્રેરણાત્મક પહેલ અંગે વધુ વિગત આપતાં અદિતિ પારેખ, વાયફ્લો અમદાવાદના ચેરપર્સન, જણાવ્યું હતું કે, "જ્યારે મેક ઈન ઈન્ડિયાનો સંદેશો દેશમાં પ્રસરી રહ્યો છે ત્યારે વણાટ અને કાપડનો વિષય ખૂબ જ મહત્વ ધરાવે છે. આ ચર્ચામાં કાપડ ઉદ્યોગની હાલની પરિસ્થિતિથી માંડીને વણાટ કલાને પુનર્જીવિત કરવા અંગેની ચર્ચા થઈ હતી."